BUSINESS મિત્ર

સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ, પણ બેન્ક નિફ્ટી પોઝિટિવ રહ્યું

સેન્સેક્સની વીકલી એક્સપાયરીએ શેરબજાર અથડાતું જોવા મળ્યું

રોકાણકારોની સંપત્તિમાં રૂ.2.5 લાખ કરોડનો ઉછાળો, મિડકેપ રેકોર્ડ હાઈ પર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: ઈરાન અને અમેરિકા વચ્ચે સમજૂતીની આશાએ ભારતીય શેરબજારને ઉપર લઇ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઉપલા સ્તરેથી નફાવસુલી તેમજ સેન્સેક્સ એકસપાયરીના પગલે બજારમાં દબાણ સર્જાયુ હતું અને તેના પગલે સેન્સેકસ-નિફ્ટી સપાટ રહ્યા હતા. જોકે, દિવસ દરમ્યાન બેઉતરફી વધઘટ રહી હતી અને દિવસ દરમ્યાન શેરબજાર પોઝિટિવ રહી હતી, પણ છેલ્લે નજીવા ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, લાર્જકેપની સરખામણીએ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું અને એક-એક ટકા સુધીનો સુધારો જોવાયો હતો.

સંભવિત યુએસ-ઈરાન શાંતિ કરાર અને ભૌગોલિક રાજકીય તણાવ હળવો થતાં બ્રેન્ટ ક્રુડના ભાવ 100 ડોલર પ્રતિ બેરલની નીચે સરકી ગયા હતા. જેના લીધે ડોલર સામે રૂપિયો મજબૂત થયો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી, આઈટી અને પીએસયુ બેન્ક શેરોએ બજારને નીચે લઈ જવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. જ્યારે ઓટો સેકટરે તેને આગળ વધારવાના પ્રયાસ કર્યા હતા. એફએમસીજી અને આઈટીના નિફ્ટી ઈન્ડેક્સમાં અડધા ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં દોઢ ટકા ઉછળ્યા હતા.

બ્રોડર માર્કેટમાં સુધારાના લીધે માર્કેટ કેપમાં સુધારો જોવા મળ્યો હતો. રોકાણકારોની સંપત્તિમાં અઢી લાખ રૂપિયાનો વધારો થયો છે. જેના પરિણામે બીએસઈ લિસ્ટેડ તમામ શેરોની કુલ માર્કેટ કેપ રૂ. 472 લાખ કરોડ પર પહોંચી ગયો હતો.

બીએસઈ સેન્સેક્સ 114 પોઈન્ટ એટલે કે 0.15 ટકા ઘટીને 77844.52 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78348 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 77713 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 4.30 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 24326.65 પોઈન્ટના સ્તરે બંદ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24482 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24284 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 66.35 પોઈન્ટ એટલે કે 0.12 ટકા સુધરીને 56000 પોઈન્ટની સપાટી કુદાવીને 56047.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે હેક્ષાવેર ટેકનોલોજીમાં 12.4 ગણા, એમ્બેસી ડેવલપમેન્ટમાં 9.9 ગણા, આદિત્ય બિરલા લાઈફસ્ટાઈલમાં 9.48 ગણા, એપ્ટસ વેલ્યુ હાઉસીંગ ફાઈનાન્સમાં 7.43 ગણા અને એચડીએફસી લાઈફ ઈન્સ્યોરેન્સમાં 6.68 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ક્રાફ્ટમેન ઓટોમેશનમાં 53.38 ગણા, આદિત્ય બિરલા લાઈફસ્ટાઈલમાં 19.02 ગણા, ગોદરેજ ઈન્ડ.માં 16.51 ગણા, એપ્ટસ વેલ્યુ હાઉસીંગમાં 15.88 ગણા અને કાર્ટ્રેડ ટેકનોમાં 8.72 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટનું સુંદર પ્રદર્શન રહ્યું હતું, લાર્જકેપ શેરો સપાટ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.09 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.16 ટકા વધ્યો હતો. આ દરમ્યાન નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 22836.90 પોઈન્ટની નવી ઈન્ટ્રાડે રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. જેના પગલે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2704 શેરો વધ્યા હતા, જ્યારે 1396 શેરો ઘટયા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી કન્જ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સ 0.84 ટકા ઘટ્યો હતો. જેમાં બ્લુસ્ટાર, ડિક્સન ટેકનો, એલજી ઈલેક્ટ્રોનીક્સ ઈન્ડિયા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, ટાઈટન કંપની, કજારિયા સીરામીક, કલ્યાણ જ્વેલર્સ અને વોલ્ટાસ વધ્યા હતા. જ્યારે ક્રોમ્પ્ટોન ગ્રીવ્સ, અંબર એન્ટર અને હેવેલ્સ ઈન્ડિયા વધ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો સુધારા સાથે બંધ રહ્યા હતા. ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ સમજૂતી થવાના આશાવાદની અસર વૈશ્વિક બજારો ઉપર જોવા મળી હતી. એશિયન બજારોમાં જાપાની બજારની આગેવાની રહી હતી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ઈન શાંતિ કરાર પર સંમત થવામાં નિષ્ફળ જશે તો તેના પર ખુબ ઉંચા સ્તરે બોમ્બમારો કરવામાં આવશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.52 ટકા, કેક 0.16 ટકા અને ડેક્સ 0.34 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 5.63 ટકા, સ્ટ્રેઈટસ 0.30 ટકા, હેંગસેંગ 1.61 ટકા, તાઈવાન 1.90 ટકા, કોસ્પી 1.41 ટકા અને જકાર્તા 1.14 ટકા અને શાંઘાઈ 0.48 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં સુધારો ચાલુ, 94.25ના સ્તરે

અમદાવાદ, તા. 7: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયામાં 37 પૈસાનો સુધારો જોવાયો હતો અને 94.25ના સ્તરે બંધ રહ્યો હતો. ક્રુડ ઓઇલના ભાવ 100 ડોલરની નીચે રહેતા રૂપિયામાં સુધારો જોવાયો હતો. જોકે, આજે શરૂઆતમાં રૂપિયામાં નરમાઇ સાથે ખુલ્યો હતો, પણ પાછળથી મજબૂતાઇ સાથે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.62ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.88, પાઉન્ડ 129.10, કેનેડિયન ડોલર 69.30, ઓસ્ટ્રેલિયન ડોલર 68.80, જાપાનીઝ યેન 0.6025 અને સીંગાપોર ડોલર 74.21ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.25 રૂ.
યુરો	110.88 રૂ.
પાઉન્ડ	129.10 રૂ.
યેન	0.6025 રૂ.

સેન્સેક્સ	-114.00	77844.52
નિફ્ટી	-4.30	24326.65
બેન્ક નિફ્ટી	66.35	56047.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
HDFC લાઇફ	3.14	625.40
બજાજ ઓટો	2.77	10605.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.12	3370.70
ગ્રાસીમ ઇન્ડ.	1.57	2960.60
એનટીપીસી	1.39	400.35

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	1.94	2272.20
ટીસીએસ	1.40	2401.40
ટેક મહિન્દ્રા	1.26	1448.20
ટાઇટન કંપની	1.20	4307.50
આઇટીસી	1.06	307.40

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	2.04	3367.35
એનટીપીસી	1.33	399.95
કોટક બેન્ક	1.18	380.65
ટાટા સ્ટીલ	0.67	217.00
ઇટર્નલ	0.66	257.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	1.90	2274.00
ટીસીએસ	1.38	2401.75
ટેક મહિન્દ્રા	1.29	1448.00
ટાઇટન કંપની	1.08	4311.30
સન ફાર્મા	1.03	1831.30

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૪૦૦
એમ-30	૪૩૫૦
એસ-30	૪૨૫૦
ગુજરાત	
એમ-30	૪૨૫૦
એસ-30	૪૧૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૫૬૦૯૦
તેજાબી સોનું	૧૫૬૦૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૮૨૮૫
દાગીના-બીઆઇએસ હોલમાર્ક	૧૫૨૭૯૦
સોનાનાં બિસ્કીટ	૧૫૬૦૯૦૦
ચાંદી (૯૯૯)	૨૬૩૪૦૦
ચાંદી સિક્કા	૨૬૪૯૦૦

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

મૂત્ર સાથે લોહી

કોઇ દેખીતી ઇજા વિના લોહી વહેવાને કારણે વ્યક્તિ માનસિક પરિતાપ અનુભવે છે. આ માટે ગોખરું, શતાવરી, શાલિપરણી, પ્રીશ્નપર્ણી, મુદગપર્ણી અને માષપર્ણી સમભાગ લઇ, તેમાંથી પચાસ ગ્રામ ભૂકો લઇ તેને આઠસો ગ્રામ પાણીમા ઉકાળી બસો ગ્રામ બાકી રહે ત્યારે ગાળી લઇ તેમા બસો ગ્રામ, ગાયનું દૂધ ભેળવી ઉકાળી ફક્ત 200 ગ્રામ દૂધ બાકી રહે ત્યારે ઉતારી, બે ભાગ કરી, સવાર સાંજ પીવું. ત્રણ અઠવાડિયા પ્રયોગ ચાલુ રાખો.

સુડોકુ

૬			૮	૧	૩		૪	૭
	૧	૪	૨		૬		૯	૮
		૮	૪			૧		
			૧	૪	૭			૫
૪		૯				૭		
૧	૬		૯	૮	૫			૨
	૪	૬	૫					૩
૫	૮		૭			૬	૧	૯
	૭	૧				૫		૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાના છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



શબ્દગુંફન - ૭૨૧૫ અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યા વધુ હોવી તે (૪)
૪. ખાખરો, કેસુડો (૩)
૭. કિરતાર, ઇશ્વર (૩)
૮. ખેદાનમેદાન, ફના (૩)
૯. અતિશય, પુષ્કળ (૪)
૧૧. સંતોષ (૩)
૧૨. જંગલ (૨)
૧૩. લૂંટારાની ટોળીનો હલ્લો (૨)
૧૪. ઘાસ કાપવાનું ઓજાર (૪)
૧૬. તરંગી (૨)
૧૮. રસ્તો, વાટ, માર્ગ (૨)
૧૯.અંતઃકરણ, દિલ (૨)
૨૦. પ્રતિજ્ઞા (૨)
૨૧. અધીરાઈનું આકળાપણું (૪)
૨૩. ફળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૨૪. દૃષ્ટિ, જોવું તે (૩)
૨૬. રણ વગડામાં રહેઠાણ (૪)
૨૮. દરિયામાંથી મોતી કાઢનાર (૪)
૩૦. સોબત, સંગાથ (૪)
૩૧. ઝાંઝર, નેપુર (૩)

ઊભી ચાવી
૨. આજ્ઞા, આદેશ (૩)
૩. જમીન ખોદવાનું ઓજાર (૩)
૪. પારકા પૈસા (૪)
૫. એકી સાથે સો વાતો ઉપર ધ્યાન આપી શકનાર (૫)
૬. ઘોડી (૩)
૯. કાપડ વેચનારો (૨)
૧૦. ધન, પૈસો (૩)
૧૨. મોટું (૨)
૧૪. બળતરા, અગન (૨)
૧૫. ઘોડેસવાર પલટણ (૩)
૧૬. લહે, તરંગ (૨)
૧૭. આદમી (૨)
૧૮. રાજાને કરાતું સંબોધન (૩)
૧૯. અભિપ્રાય (૨)
૨૦. દરકાર, કાળજી (૩)
૨૧. પતિ (૨)
૨૨. રાંક, સાંકડા મનનું (૩)
૨૩. શિવનો સેવક સમુદાય (૨)
૨૫. શારીરિક ઇજા, ઘા (૩)
૨૬. દાણાદાર લોટ (૨)
૨૭. સોનેરી (૩)
૨૮. દહીં (૨)
૨૯. મસાલામાં વપરાતું સોડમવાળું બી (૨)

આજનું પંચાંગ

તા. 08/05/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** વૈશાખ
તિથિઃ વદ :છઠ :12:22
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખઃ 18
યોગ : શુભ
કરણઃ વિષ્ટિ
નક્ષત્ર : ઉ.ષા.:- 21:20
રાશિઃ મકર (ખ,જ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:05
નવકારસી : 06:54
પારસી વર્ષ : 1395 આદર માસનો 27મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્કાદ માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્‌વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્‌વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે : 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. વધારાનાં કામ પાર પડે. નવા ફેરફારથી નવું શીખવા મળે.

વૃષભ (બ,વ,ઉ,): નોકરી-ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. ઇન્ટરવ્યુમાં સફળતા મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): પોતાના કિંમતી સામાનનું ધ્યાન રાખવું. લેવડ-દેવડમાં સાવધાન રહે. સરકારી કામમાં સાવધાની રાખવી.

કર્ક (ડ,હ,): પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. સામાજિક કામમાં મદદ મળે. રોજની આવક વધશે.

સિંહ (મ,ટ,): હરીફોની હેરાનગતિ સતાવે. નોકરીમાં નવી જવાબદારી વધે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો.

કન્યા (પ,ઠ,ણ,): પ્રેમમાં સાથ અને વિશ્વાસ વધે. મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક આવક વધશે.

તુલા (ર,ત,): ઘર વાહન બાબતે પ્રગતિ થાય. મિલકતના સોદા થઇ શકે છે. નોકરીમાં નવી તક ઊભી થાય.

વૃશ્ચિક (ન,ય,): વિવાદથી અશાંતિ પેદા થાય. દોડધામ વધે. નોકરીમાં મદદ મળે. અટકેલા કામમાં ગતિ આવે.

ધન (ભ,ધ,ફ,ઢ,): માર્કેટીંગ બૌદ્ધિક અને દલાલી તથા ટ્યુશનને લગતાં કામ પાર પડે. આવક વધે.નવી તક મળે.

મકર (ખ,જ,): ઈન્ટરવ્યુ સફળ રહે. કોઇ ઇનામ મળી શકે છે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં સાવધાની રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ,): બિનજરૂરી ખર્ચ વધશે. મોજ-શોખ માટે પ્રવાસ થાય. સામાજિક કામમાં યશ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): આવક વધે. શેર બજારમાં તક મળે. કોઇ ઈનામ કે ભેટ મળી શકે છે. આવક વધશે.

કોઈ પણ સાલમાં 08 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવાં ફેરફાર ટેકનોલોજી અને નવી જગ્યાએ કામ કરવાનો નવો અનુભવ કામમાં મદદરૂપ બને. સમાજમાં યશ મળે. આર્થિક બાબતે પ્રગતિ થાય.ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. નવાં ઘર, વાહન મકાનની યોજના પાર પડે. નોકરી ધંધા-વ્યવસાય અને સમાજમાં હરીફોની હેરાનગતિ વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન બાબતે અનુકૂળતા વધશે. વધારાની આવકની યોજનામાં વડીલો-મિત્રો મદદરૂપ બનશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર, જાન્યુઆરી,ફેબ્રુઆરી, શુક્ર શનિવાર, 08,17,26 તારીખે નવાં કામ કરવા, કાળા અને ભૂરા-રંગનો ઉપયોગ કરતા રહેવું. માર્ચ-એપ્રિલ, બુધવાર, 7,16, 25 તારીખને નવા કામ ટાળવાં સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતાં રહેવું.

ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઘટાડો

$100ની નીચે પહોંચતા વૈશ્વિક બજારે લીધો રાહતનો શ્વાસ

નવી દિલ્હી, તા. 7: મીડલ ઇસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે બજારને મોટી રાહત મળી રહી હોય તેવું લાગે છે. ક્રુડ ઓઇલના ભાવમાં સતત વધારા બાદ હવે ઘટાડાનો તબક્કો જોવા મળ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવાના નવા પ્રયાસોના સમાચાર સામે આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ ફરીથી 100 ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયા છે. ગત ટ્રેડિંગ સત્રમાં લગભગ 8 ટકાના ઘટાડા બાદ બ્રેન્ટ ક્રૂડ 99 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો, જ્યારે અમેરિકાનો ડબલ્યુટીઆઇ 93 ડોલરની નજીક ટ્રેડ કરતો જોવા મળ્યો હતો. રિપોર્ટ અનુસાર, અમેરિકાએ ઈરાનને એક પાનાનો સમાધાનનો પ્રસ્તાવ મોકલ્યો છે, જેના દ્વારા હોર્મુઝ ખાડીને ધીમે ધીમે ફરીથી ખોલી શકાય તેવુ માનવામાં આવી રહ્યું છે કે ઈરાન આગામી દિવસોમાં આ પ્રસ્તાવનો જવાબ આપી શકે છે. જો બંને દેશો વચ્ચે સમજૂતી થઈ જાય તો વૈશ્વિક ઉર્જા બજારને મોટી રાહત મળી શકે છે કારણ કે હોર્મુઝ ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ પુરવઠાના માર્ગોમાંનો એક છે.

મીડલ ઈસ્ટમાં યુદ્ધ તીવ્ર બન્યા પછી, ફેબ્રુઆરીના અંતથી હોર્મુઝની ખાડી લગભગ બંધ થઈ ગઈ હતી. આ માર્ગ વિશ્વના મોટા ભાગને તેલ અને ગેસ સપ્લાય કરે છે. ઈરાનથી જહાજોની અવરજવરમાં વિક્ષેપ અને બીજી બાજુ યુએસની સૈન્ય હાજરીને કારણે પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ રહી. આ બેવડા નાકાબંધીએ વૈશ્વિક ઉર્જા બજારને ખરાબ અસર કરી હતી અને ક્રુડના ભાવમાં તીવ્ર વધારો થયો હતો.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે જો ઈરાન પૂર્વનિર્ધારિત શરતોને સ્વીકારશે તો અમેરિકા પોતાનું સૈન્ય અભિયાન સમાપ્ત કરશે અને નાકાબંધી પણ હટાવી લેવામાં આવશે.

ટ્રમ્પ પર સ્થાનિક દબાણ પણ સતત વધી રહ્યું છે કારણ કે અમેરિકામાં પેટ્રોલ અને એનર્જીના ભાવમાં વધારાથી સામાન્ય લોકોની ચિંતા વધી ગઈ છે. આ દરમિયાન ચીને પણ જલ્દીથી હોર્મુઝની ખાડી ખોલવાની માંગ કરી છે. અહેવાલ છે કે 14-15 મેના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે બેઈજિંગમાં એક મહત્વપૂર્ણ સમિટ યોજાવાની છે. આ પહેલા ચીનના ટોચના રાજદ્વારીએ પોતાના ઈરાની સમકક્ષ સાથે મુલાકાત કરી હતી અને ટૂંક સમયમાં સમાધાન શોધવા પર ભાર મૂક્યો હતો. નિષ્ણાંતોનું માનવું છે કે ટ્રમ્પ નથી ઈચ્છતા કે ઈરાન સાથે ચાલી રહેલા તણાવથી તેમની ચીન યાત્રા અને મોટી બેઠક પર અસર થઈ શકે છે.

સોના-ચાંદીમાં તેજીનો કરંટઃ ચાંદીમાં 7350નો ઉછાળો

મુંબઈ, તા. 7: અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત શાંતિ કરારની આશાએ વૈશ્વિક બજારમાં ડૉલર નબળો પડતા સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સ્થાનિક બજારમાં (MCX) સોનું 10 ગ્રામ દીઠ 810 વધીને 1,53,540 પર પહોંચ્યું છે, જ્યારે ચાંદીમાં પ્રતિકિલો 7350નો જંગી વધારો થતા ભાવ 2,61,430ના સ્તરે પહોંચ્યા છે.

આંતરરાષ્ટ્રીય બજાર: ન્યૂયોર્કમાં સોનું 1.1% વધીને $4,746 પ્રતિ ઔંસ થયું. **ક્રૂડની અસર:** બ્રેન્ટ ક્રૂડમાં ચાલુ સપ્તાહે 6%નો ઘટાડો નોંધાયો છે, જેની પોઝિટિવ અસર કિંમતી ધાતુઓ પર પડી છે.

ટ્રમ્પની ચેતવણી છતાં એશિયાઈ બજારોમાં 'બુલ રન'

જાપાનનો નિક્કી ઇતિહાસમાં પહેલીવાર 63,000ને પાર

ટ્રમ્પની ઈરાન ચેતવણી છતાં એશિયાઈ બજારોમાં આજે તેજી જોવા મળી હતી. જાપાનનો નિક્કી પહેલી વાર 63,000 ની ટોચ પર પહોંચ્યો હતો અને ટ્રેડિંગ સેશન દરમ્યાન બેન્ચમાર્ક જાપાનીઝ ઈન્ડેક્સ 5.7% વધીને 63,091.14 પર પહોંચ્યો. જે ગઈકાલે 59513.12 પર બંધ રહ્યો હતો. વ્યાપક ટોપિક્સ ઈન્ડેક્સ 1.91% વધ્યો હતો. ગુરુવારે જાપાનનો નિક્કી 225 પહેલી વાર 62,000 ના સ્તરને પાર કરી ગયો, જેના કારણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન અંગે નવી ચેતવણીઓ છતાં એશિયા-પેસિફિક બજારોમાં તીવ્ર તેજી જોવા મળી છે.

ઓસ્ટ્રેલિયાનો S|P/ASX 200 1% થી વધુ વધ્યો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.17% વધ્યો, જ્યારે કોસ્ડેક ઈન્ડેક્સ 0.4% ઘટ્યો છે. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ફ્યુચર્સમાં 26,423 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જે બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં અગાઉનો બંધ 26,213.78 હતો. જો વાટાઘાટો નિષ્ફળ જાય તો ઈરાન ભારે લશ્કરી કાર્યવાહીનો સામનો કરવાનો રહેશે તેવી ટ્રમ્પે ચેતવણી બાદ બજારમાં યુદ્ધના સમાચારો સાથે વધઘટ ચાલુ રહી હતી.

હવે 'ગ્રીન' એનર્જીથી ચાલશે એપલ

ભારતમાં રૂ.100 કરોડના રોકાણની મોટી જાહેરાત

નવી દિલ્હી, તા. 7: અમેરિકન ટેક જાયન્ટ અને આઈફોન નિર્માતા એપલે ભારતના ક્લીન એનર્જી સેક્ટરમાં એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પગલું ભર્યું છે. તેના વ્યાપક ટકાઉપણું અને કાર્બન ન્યુટ્રાલિટી લક્ષ્યોને ઝડપથી પહોંચી વળવા માટે, કંપનીએ ભારતમાં રિન્યુએબલ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે 100 કરોડ રૂપિયાના રોકાણની સત્તાવાર જાહેરાત કરી છે. આ રોકાણને ભારતમાં પર્યાવરણીય સંરક્ષણ અને ગ્રીન સપ્લાય ચેઈનને મજબૂત કરવાની દિશામાં એક મોટો પ્રયાસ માનવામાં આવે છે. એપલે ભારતના અગ્રણી રિન્યુએબલ એનર્જી ડેવલપર્સમાંના એક, ક્લીનમેક્સ સાથે મળીને આ નોંધપાત્ર રોકાણ કરવાનો નિર્ણય લીધો છે.

આ ભાગીદારી હેઠળ, સમગ્ર દેશમાં 150 મેગાવોટથી વધુ નવી રિન્યુએબલ એનર્જી ક્ષમતાનું નિર્માણ કરવામાં આવશે. આ નવી ઉર્જા ક્ષમતાની અસરનું મૂલ્યાંકન કરતા એપલે જણાવ્યું હતું કે ઉત્પાદિત ઉર્જા વાર્ષિક લગભગ 1.5 લાખ ભારતીય ઘરોને વીજળી આપવા માટે પૂરતી હશે. કંપનીનું વિઝન આટલું જ મર્યાદિત નથી, પરંતુ તે આગામી વર્ષોમાં આ ક્ષમતાને વધુ વધારવાની પણ યોજના ધરાવે છે. આપહેલનો પ્રાથમિક ઉદ્દેશ ભારતમાં એપલની સપ્લાય ચેઈન કામગીરીમાં નવીનીકરણીય ઊર્જાને અપનાવવાનો છે.

આના દ્વારા, કંપની 2030 સુધીમાં તેના સમગ્ર વૈશ્વિક ફૂટપ્રિન્ટને 100 ટકા કાર્બન ન્યુટ્રલ બનાવવાના લક્ષ્ય તરફ મજબૂતીથી આગળ વધી રહી છે. આ રોકાણ પર પ્રતિક્રિયા આપતા, એપલના પર્યાવરણ અને સપ્લાય ચેઈન ઈનોવેશનના વાઈસ પ્રેસિડેન્ટ સારાહ ચાંડલરે જણાવ્યું હતું કે, એપલમાં પર્યાવરણ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા માત્ર અમારી જવાબદારી નથી, પરંતુ તે સમગ્ર કંપની અને વિશ્વભરમાં નવીનતા માટે પ્રેરક બળ પણ છે.

એપલ દ્વારા આ 100 કરોડ રૂપિયાનું રોકાણ અને અનેક વ્યૂહાત્મક ભાગીદારી એ વાતનો પુરાવો છે કે વૈશ્વિક કંપનીઓ હવે ભારતને માત્ર એક મોટા બજાર તરીકે જ નહીં, પરંતુ દેશની સ્વચ્છ ઉર્જા અને ટકાઉપણું યાત્રામાં પણ મહત્વપૂર્ણ ભાગીદાર બની રહી છે.

બજાજ ઓટો 4 વર્ષમાં ત્રીજી વાર લાવશે બાયબેક

કંપની 16 ટકા પ્રીમિયમથી એટલે કે રૂ. 12000ના ભાવે શેર બાયબેક કરશે

મુંબઈ, તા. 7: બજાજ ઓટોના જાહેર થયેલા પરિણામોની સાથે સૌથી મોટા બાયબેકની જાહેરાત કરી છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો શેર બાયબેક છે. જે માટે કંપની શેરદીઠ રૂ. 12000ના ભાવે શેર પરત ખરીદશ, જે અગાઉના બંધ ભાવ કરતા 16 કાથી વધુ પ્રીમિયમ છે. કંપનીના બોર્ડે રૂ. 10ની ફેસ વેલ્યુ સાથે મહત્તમ 46.94 લાખ શેરના બાયબેકની મંજુરી આપી છે. જે કંપનીની કુલ પેઈડ અપ શેર મુડીના લગભગ 1.68 ટકા છે. બજાજ ઓટોએ જણાવ્યું હતું કે, આ બાયબેક ટેન્ડર રૂટ દ્વારા કરવામાં આવશે અને રેકોર્ડ તારીખે તમામ શેરહોલ્ડરો ભાગ લઈ શકશે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે બાયબેક કમિટીની રચનાને પણ મંજુરી આપી દીધી છે. આ સમિતિત બાયબેકની કિંમત વધારવાનો નિર્ણય લઈ શકે છે.

31 માર્ચ, 2026 સુધીમાં પ્રમોટર્સ અને પ્રમોટર્સ જુથો પાસે બજાજ ઓટોમાં સૌથી વધુ 55 ટકા હિસ્સો હતો. આ સિવાય બેન્કો, મ્યુચ્યુઅલ ફંડો, વીમા કંપનીઓ અને અન્ય ભારતીય નાણાકીય સંસ્થાઓ પાસે કંપનીમાં લગભગ 14.5 ટકા હિસ્સો છે. વિદેશી રોકાણકારો પાસે કંપનીના લગભગ 10 ટકા શેક છે, જ્યારે બાકીના 21 ટકા સામાન્ય રોકાણકારો, કોર્પોરેટ્સ અને અન્ય શેરહોલ્ડરો પાસે છે. હવે કંપનીના આ મોટા બાયબેકના લીધે શેરહોલ્ડીંગની પેટર્નમાં કેટલાક ફેરફારો જોવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બજાજ ઓટોએ છેલ્લા ચાર વર્ષમાં ત્રીજી વખત બાયબેક લાવી રહી છે. અગાઉ જુલાઈ 2022માં બજાજ ઓટોએ રૂ. 2500 કરોડનું બાયબેક કર્યુ હતું, જેમાં રૂ. 4600 પ્રતિ શેરના ભાવે ખરીદવામાં આવ્યા હતા. બાયબેક હવે 2026માં જાહેર કરવામાં આવ્યું છે, તે છેલ્લા ચાર વર્ષમાં કંપનીનું ત્રીજું મોટું બાયબેક છે.

રિયલ એસ્ટેટમાં સાવચેતીનો તબક્કો

સેન્ટિમેન્ટ ઇન્ડેક્સમાં મોટો ઘટાડો, ઘર ખરીદનારાઓ હાલ 'વેઇટ એન્ડ વોચ'માં

નવી દિલ્હી, તા. 7: વૈશ્વિક સ્તરે વધતી જતી અનિશ્ચિતતા અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે દેશના રિયલ એસ્ટેટ ક્ષેત્રનું સેન્ટિમેન્ટ સતત નબળું પડી રહ્યું છે. નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને નાઈટફ્રેન્કનો સેન્ટિમેન્ટ ઈન્ડેક્સ 2026 રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે અને એવું જાણવા મળ્યું છે કે વર્તમાન સેન્ટિમેન્ટ સ્કોર 60થી ઘટીને 49 થઈ ગયો છે અને ફ્યુચર સેન્ટિમેન્ટ સ્કોર 61થી ઘટીને 50 થઈ ગયો છે. વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાવચેતીના સમયગાળામાં પ્રવેશ્યું છે.

નારેડકોનાજણાવ્યા અનુસાર, સેન્ટિમેન્ટમાં આ નરમાશ વૈશ્વિક મેક્રોઇકોનોમિક અસ્થિરતાને કારણે છે. ક્રુડ ઓઇલના ઊંચા ભાવોએ ફુગાવાના દબાણમાં વધારો કર્યો છે, બાંધકામ અને લોજિસ્ટિક્સ ખર્ચને અસર કરી છે અને પ્રોજેક્ટ્સની સધ્ધરતાને અસર કરી છે. તે જ સમયે, કઠોર પરિસ્થિતિને કારણે, શેરધારકો વધુ સાવચેત વલણ અપનાવી રહ્યા છે. નારેડકો અને નાઈટફ્રેન્કનારિપોર્ટ મુજબ રહેણાંક મકાનોની માંગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. 2026ના પ્રથમ ક્વાર્ટરમાં વેચાણ અને નવા લોન્ચમાં મંદી જોવા મળી છે. જે ગતિ અને ખરીદદારોની સાવચેતીને પ્રતિબિંબિત કરે છે. નજીકના ભવિષ્યમાં માંગ વધુ નબળી પડે તેવી સંભાવના છે, જ્યારે પ્રોપર્ટીના ભાવ સ્થિર રહી શકે છે, અથવા વધવાનું ચાલુ રાખી શકે છે. પરંતુ ભવિષ્ય માટે પડકારો બાકી છે. અહેવાલ બતાવે છે કે 52 ટકા કહે છે કે ઘરનું વેચાણ ઘટશે. ઓફિસ માર્કેટમાં વૃદ્ધિની અપેક્ષાઓહાલમાં ઓફિસ માર્કેટમાં વૃદ્ધિની અપેક્ષા જોવામાં આવી રહી છે. લીઝિંગ સ્થિર રહેવાની અપેક્ષા છે. આનું મુખ્ય કારણ એ છે કે મુખ્ય બજારોમાં મર્યાદિત પુરવઠો ભાડામાં વધારાને ટેકો આપી રહ્યો છે. તેથી, અમે આગામી સમયગાળામાં આ બજારમાં સ્થિરતાની અપેક્ષા રાખીએ છીએ. જોકે, અગાઉના ક્વાર્ટરની સરખામણીમાં ગ્રોથની ગતિ ધીમી પડી છે. ઓફિસ લીઝિંગની માંગ સ્થિર છે. નારેડકોના નેશનલ પ્રેસિડેન્ટ પ્રવીણ જૈને જણાવ્યું હતું કે, વૈશ્વિક આર્થિક પડકારો અને ફુગાવાના દબાણ વચ્ચે રિયલ એસ્ટેટ સેક્ટરમાં સેન્ટિમેન્ટ નરમ પડ્યું છે.